Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# Shree Atmanand Prakash



सत्यसंयमसौहार्दसत्त्वस्वाध्यायसाम्यतः ।
आत्मसंस्करणं धर्म इति दर्शनमुत्तमम् ॥

* સત્ય, સંયમ, સૌહાર્દ, સત્ત્વ, સ્વાધ્યાય અને સામ્યના સદ્‌ગુણોથી આત્માને સંસ્કારવો એ ધર્મ છે. આ જાતની સમજ એ સમ્યગ્દર્શન છે.

* Dharma consists in polishing the soul with the virtues of truth, self-restraint, friendliness mental spirit, sacred study and equanimity of mind. This sort of understanding is the best Darshana.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૩<br>卐<br>અંક : ૯/૧૦ | પ્ર. અષાઢ-દ્વિ. અષાઢ<br>卐<br>જુલાઈ-ઓગષ્ટ-૯૬ | આત્મ સંવત : ૧૦૦<br>વીર સંવત : ૨૫૨૨<br>વિક્રમ સંવત ૨૦૫૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | કલ્યાણ | — | ૪૫ |
| (૨) | વડીલો સાવધાન. ટી.વી. આપણા બાળકોને અફીણ પાઇ રહ્યું છે. | સંપાદક : શ્રી ચન્દ્ર–પાલીતાણા | ૪૬ |
| (૩) | આત્માની દેહથી ભિન્નતા | અનુ. કુમારપાળ દેશાઇ | ૫૦ |
| (૪) | યાત્રા પ્રવાસ | | ૫૨ |
| (૫) | મહાન જ્યોતિર્ધર | હિન્દી અનુ. રંજન પરમાર | ૧ |
| (૬) | અપકારી પર ઉપકાર | ,, ,, | ૪ |
| (૭) | વચન કે ખાતિર | | ૨ |
| (૮) | જૈન સાધુકી સ્વતંત્રતા | | ૬ |
| (૯) | જબ પંજાબ કા પુણ્યોદય હોગા | | |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

**શ્રી હસમુખરાય હરિલાલ શેઠ–ભાવનગર**

**શ્રી નવીનચંદ્ર ચંપકલાલ ધ્રુવ–ભાવનગર**

**શ્રીમતી ચંદ્રાબેન ત્રંબકલાલ શાહ–ભાવનગર**

**શ્રી રાજેન્દ્રકુમાર સવાઈલાલ મણીયાર–ભાવનગર**

**શ્રીમતી કિરણબેન રાજેન્દ્રકુમાર મણીયાર–ભાવનગર**

**શ્રી મહેન્દ્રકુમાર ઈન્દુલાલ તળાજીયા–ભાવનગર**

## એક જ અવગુણ "નિંદા"

ઉર્ધ્વ ગતિએ પહોંચેલ માણસ માત્ર એક જ દુષણથી અધમગતિને પામે છે. અગ્નિનો એક જ તણખો આખુંય વન પ્રજાળી મુકે છે.

બધા જ સદ્ગુણોને એક જ અવગુણ ઢાંકી દે છે.

નિંદારૂપી અવગુણ માનવને તિરસ્કારપાત્ર બનાવે છે. માનવીએ અવગુણ નામક છાયાથી પર દૂર રહેવું, તેની કાલિમાં ઉજ્જવળ જીવનને કલંકિત કરી વિનાશના પંથે લઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : **શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**

## કલ્યાણ

પ્રભુ તારું નામ છે શિવસુખ ધામ,
સૌનું કલ્યાણ કરો રે ભગવાન.

માયાને મમતામાં બન્યો હું નાદાન,
અમૃત છોડીને કીધું વિષ કેરૂ પાન.
આપો ભક્તિદાન ઓ કૃપા નિધાન,
સૌનું કલ્યાણ કરો રે ભગવાન.

જીવન સાગરમાં જાગ્યું છે તોફાન,
આંધિ તોફાને અટવાયું છે વહાણ.
સંભાળો રે સુકાન ઓ દયાનિધાન,
સૌનું કલ્યાણ કરો રે ભગવાન.

પ્રાયશ્ચિત કરું તો મારા પાપો ધોવાય,
હૃદય વેદના તુંજ ચરણે વિસરાય.
ધરું તારું ધ્યાન ઓ કરુણા નિધાન,
સૌનું કલ્યાણ કરો રે ભગવાન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડીલો ! સાવધાન !

# ટી.વી. આપના બાળકોને અફીણ પાઇ રહ્યું છે !

(બાળક-બાલિકાઓને સમજાવવા માટે ખૂબજ ઉપયોગી લેખ)

સંપાદક : શ્રીચંદ્ર-પાલિતાણા

'બોગ હોજ' અને 'ડેવીડ ટ્રિપ' નામના બે અમેરિકન-ઓસ્ટ્રેલીયન સંશોધકોએ 'બાળકો અને ટેલિવીઝન' નામનું એક પુસ્તક પ્રકાશિત કર્યું છે. ઓસ્ટ્રેલીયાના ઘણા બાળકો સાથે પ્રશ્નોત્તરી કરીને આ પુસ્તક લખવામાં આવ્યું છે. તેમાં લેખકોએ જણાવ્યું છે : 'અમે એક છોકરીને મળ્યા. તે હીંગલી રાખતી હતી, આ છોકરી રોજ ટી.વી. પર હિંસક ફિલ્મ જોતી હતી અને ફિલ્મ જોયા પછી રસોડામાં જઈને ચપ્પાથી હીંગલીનું ખૂન કરતી હતી !

અમેરિકન 'ઇન્ટરનેશનલ કંપલીશન અગેઇન્સ્ટ વાયોલેન્ટ – એન્ટરટેનમેન્ટ' નામની સંસ્થાના મનોવૈજ્ઞાનિક કહે છે : 'પશ્ચિમના દેશોમાં ટી.વી. વીડીઓનું સામ્રાજ્ય વધ્યા પછી હિંસક કેસમાં ૫૦૦ ટકાનો વધારો થયો છે. આ મનોવૈજ્ઞાનિક તણીએ ૫૦૦ બાળકોનો તેમણે જોયેલી વીડિયો વિશે ઇન્ટરવ્યુ લીધો અને બાળકોએ જે જવાબો આપ્યા તે ચોકાવી મૂકે તેવા હતા. બાળકોએ પોતાની મનપસંદ દ્રશ્ય કહ્યું તેમાંથી કેટલાંક –

'આ ફિલ્મમાં ચંદ્ર પરથી માણસ પૃથ્વી ઉપર આવે છે અને એક સ્ત્રીનું માથું કચડ કચડ ચાવે છે અને પછી ચગળે છે તે જોવાનું મને ખૂબ ગમે છે.'

'આ ફિલ્મમાં એક ઘરડી ડોશીને ચારે બાજુથી ચપ્પા મારે છે અને લોહીના સફેદ ફુવારા ઉડે છે તે મને બહુ ગમે છે....'

'આ ફિલ્મમાં ફિલ્મનો ખલનાયક એક સ્ત્રીને પકડીને તેનાં ૧૦૦ ટુકડાં કરી નાંખે છે. તે જોવાની ભારે મઝા પડે છે....'

આ ફિલ્મમાં એક દરિયા કિનારે એક હાથ રેતીમાંથી બહાર આવે છે અને કોઈ સ્ત્રીનું ગળું દબાવી દે છે તે જોવાનો મને આનંદ આવે છે....'

.... આ ઇન્ટરવ્યુ અને આપણી 'રામાયણ' ટી.વી. સીરીયલ જોઇને રામ-રાવણ યુદ્ધમાંથી તીરકામઠું ચલાવતાં શીખનારા આપણા ભારતીય બાળકો વચ્ચે બહુ અંતર નથી. ટેલિવીઝન – વિડીઓની ઘેલછાએ આપણી નવી પેઢીનું જે અધઃપતન નોતર્યું છે તે એક વાસ્તવિક હકીકત છે. તેની ભયાનકતાથી હવે આપણે સજાગ બનવું જ રહ્યું.

અમદાવાદના એક મનોવૈજ્ઞાનિકના અભ્યાસાત્મક તારણને અહીં લક્ષયમાં લેવા જેવું છે. તેમણે કહેલું : 'એક ભૂત કે મેલીવિદ્યાનું વળગણ ઘરમાં જે ખાનાખરાબી અશાંતિ કરી મૂકે છે, તેવું જ સ્વરૂપ ટી.વી.નું કહી શકાય. 'Television means Ghost in your house' એક ભૂત તરીકે આપણા પર અને આપણા બાળકો પર ટી.વી. જે રીતે સવાર થઈ જાય છે તે સમજવાનો સમય આવી ચૂકયો છે.

આસપાસના વાતાવરણની બાળકો પર ધીમી ગતિએ પણ કાયમી અસર થાય છે એ નિર્વિવાદ છે. આ અસર માનસિક વિકાસ પૂરતી મર્યાદિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી રહેતી. બાળકોના શારીરિક અને બૌદ્ધિક વિકાસ પર તેની અવળી અસર પડે છે.

વડીલો અને મોટાઓ પર પ્રતિકૂળ અસરની શકયતા ઓછી છે. જે અસર થશે તે બાળકો પર થશે. તેનાં બે કારણો છેઃ એક, વડીલો કરતાં બાળકો વધારે સમય ટી.વી. જુએ છે. બીજુ અને મહત્વનું કારણ એ છે કે બાળકોનું મગજ વધુ સંવેદનાશીલ કે રિસેપ્ટિવ હોય છે. તે સારી-નરસી બાબતો ગ્રાહ્ય કરતું હોય છે. ટેલીવીઝનની બાળકોને લત લાગી જાય છે, ટેલીવીઝન અને નશીલી દવાનાં લક્ષણો મળતા આવે છે.

બાળકો પર ટી.વી.ની કેવી આડઅસરો થાય છે તે અંગેનાં સંશોધનોનું તારણ ચિંતાજનક છે. આ તારણો કંઈક છે કે :-

ટેલીવીઝન બાળકોને પોતાની કલ્પના શક્તિને કુંઠિત કરવા માંડે છે. સારાનરસાની તેના પર નોંધપાત્ર અસર થતી નથી અને તેની સંવેદનશીલતા મરી પરવારે છે.

ઇંગ્લેન્ડમાં જન્મેલા માયકલ ર્યાન નામના ઉગતા યુવાને વીડીઓ ફિલ્મ '**ફર્સ્ટ બ્લડ**' જોઇને તેના હીરો '**રેમ્બો**'ની જેમ માત્ર આઠ જ કલાકમાં ૧૯ ખૂન કરીને તરખાટ મચાવી દીધી હતી. એ વાત જગ જાહેર છે. ગઇકાલે ઇંગ્લેન્ડની બનેલી આ ઘટના આવતીકાલે આપણા ઘર આંગણે નહીં બને તેની શી ખાતરી ? ટી.વી. જોઇને ઢીંગલીનું ખૂન કરવા શીખતી આઠ-નવ વરસની બાળકી કાલે તેના માતા-પિતાના જીવતા દેહ પર તેની 'વિદ્યા' નહીં અજમાવે તેની શી ખાતરી ? ભારતમાં રોજના ૪૩ કરોડ લોકો ટી.વી. જુએ છે. તેમાંથી પ્રેરણા લઇને માત્ર એક હજાર બાળકોજ, ભયાનક હિટલરના માર્ગે ચાલશે તો....?

દિલ્હીનો એક બાર વરસનો બાળક ટી.વી. જોઇને ત્રણ મીત્રો સાથે બેન્ક લૂંટવાનું કાવતરું કરે તે પરિસ્થિતિ શું ચિંતાજનક નથી ?

ટેલીવીઝન પર મશીનગનથી આડેધડ ગોળીએ દેવાતા માણસોને જોઇને કુમળું બાળક એમ જ સમજે કે માણસ પણ ફુગ્ગાની માફક ફોડવાની એક ચીજ છે. તેના હાથમાં મશીનગન આવે અને તે માનવ ફુગ્ગા ફોડવા માંડે તો નવાઇ પામવા જેવું નથી. હમણા ન્યુયોર્કમાં એક દસ વર્ષના બાળકે પિતાને નજીવી બાબતમાં ગોળીથી ઉડાવી દીધો.

ટી.વી. પર આવતા કાર્યક્રમોની વિગતો એક બાજુ રાખીએ તો પણ ટી.વી. જોવાથી બાળકોને શારીરિક નુકશાન પહોંચે છે તે વધુ ખતરનાક હોય છે. અમેરીકન વૈજ્ઞાનિક ડૉ. જોહાન એમ. ઓટે એવું શોધી કાઢયું છે કે ટેલીવીઝન સેટ સામે વટાણાના છોડ ઉછેરવામાં આવતા, ટી વી. સેટમાંથી નીકળતા ટોકસીક રેડીએશનને લીધે તે છોડ વિકૃત બની ગયા હતા, તેનાં મૂળીયાં જમીનમાંથી વાંકા વળીને વળી પાછા બહાર નીકળ્યા હતાં. ટેલીવીઝન જોવાથી બાળકો થાકેલા જણાય છે, એવું એક વિધાન વાંચીને આ શોધ કરવામાં શ્રી ઓટ્ટને પ્રેરણા મળી હતી.

ટી.વી.ની અસર ઇલેકટ્રોનીકસ કાર્ડસ અને ઓડીઓ કેસેટ પર પણ થતી હોય તો પછી બાળકો પર થયા વગર કેવી રીતે રહે ? બેન્કનાં ખાતા માટે આપવામાં આવતા ઈલેકટ્રોનીક કાર્ડને ટી.વી. સેટની નજીક રાખવામાં આવે તો તેની શક્તિ ક્ષીણ થઈ જાય છે. ઓડીઓ કેસેટના ઉત્પાદકો તરફથી પણ સૂચના આપવામાં આવે છે કે ટી.વી. સેટની નજીક ટેપ કરેલી ઓડીઓ કેસેટ ન મૂકવી કારણ કે રેડીએશનના કારણે ઓડીઓ પરની વિગતો ભૂંસાઇ જાય છે. વૈજ્ઞાનિક પુછે કે વટાણાનો છોડ કે બેન્કકાર્ડને પણ અસર થાય તો બાળકોને તેની ખરાબ અસર કઇ રીતે ન થઇ શકે ?

વિશ્વવિખ્યાત 'પેગ્વીન' પ્રકાશક કંપનીએ એકાદ વર્ષ પહેલાં એક પુસ્તક પ્રકાશિત કર્યું છે. The Plug in drug આ પુસ્તક દ્વારા ટી.વી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની બાળકો ઉપર શી અસર પડે છે તેની અભ્યાસાત્મક વિગતો બહાર આવી છે. ઓસ્ટ્રેલીયામાં શિક્ષકો, માનસશાસ્ત્રીઓ, તબીબો તથા કેટલાંય બાળકોના માતા-પિતાએ નોંધેલી કેટલીક વાસ્તવિક હકીકતો તેમાં રજુ કરાઈ છે.

એક અનુભવ સિદ્ધ કથનરૂપે આ પુસ્તકમાં જણાવાયું છે કે ટીવી. જોવાથી બાળકોની આંખો પર અને વિકાસકેન્દ્રો પર ટી.વી.ના કૃત્રિમ પ્રકાશની અસર થાય છે તે ચિંતાજનક છે. એને લીધે બાળકોની બુદ્ધિ અને મગજનો વિકાસ એટલે સુધી રૂંધાય છે કે સતત ટી.વી. જોતા બાળકોની ઉંઘવાની ક્રમબદ્ધતા (પેટર્ન) પણ બદલાઈ જાય છે. જ્ઞાનતંતુઓ શિથિલ થઈ જાય છે. અને બાળક વારંવાર હતાશ થઈ જાય છે. ટી.વી. જોવાના લીધે તેને ખરાબ સપના આવે છે, ભુખ, તરસ, કુદરતી હાજત જેવી શારીરિક આવશ્યકતાઓનો ક્રમ ભાંગી પડે છે, કેનેડામાં ટી.વી. અંગે એક સર્વેક્ષણ કરવામાં આવ્યુ હતું તેમાં જાણવા મળ્યુ કે જે શાળામાં ટી.વી. બતાવવામાં ન હતું આવતું તે શાળાઓના પરિણામ, જે શાળામાં ટી.વી. બતાવવામાં આવતું હતું તેવી શાળાઓ કરતાં વધારે ચડીયાતા હતાં.

ટી.વી ની એવી કેટલીયે અસરો બાળકો ઉપર થાય છે કે જે નરી આંખે આપણાથી જોઈ શકાતી નથી. બાળકોના મગજનું સેટીંગ્જ એવું હોય છે કે જે કોઈ પણ વિચારને અપનાવી લે છે. સતત ટી.વી. જોવાથી બાળકના જમણા મગજમાં ભાષા, હલનચલન, તરંગો અને વિચારો મુદ્રીત થઈ જાય છે. એ બધુ યોગ્ય છે કે અયોગ્ય તે નક્કી કરવાનું કાર્ય ડાબુ મગજ કરે છે. પરંતુ ટી.વી. જોનારા બાળકોનું ડાબુ મગજ મહદ્અંશે નિષ્ક્રીય રહે છે. તેથી ખરાખોટાનું નિર્ણય બાળક આપમેળે લઈ શકતું નથી. જેમ જેમ બાળક ઉંમરમાં મોટું થતું જાય તેમ તેમ ડાબા મગજનું કાર્ય વધતું જાય છે. પણ વધુ વાર ટી.વી. જોનાર બાળકની કમનસીબી એ હોય છે કે તેમનું ડાબુ મગજ નિષ્ક્રીય પડી રહેવાથી સમય આવ્યે તાત્કાલીક સેવા આપી શકતું નથી.

એક સર્વેક્ષણે એવી જાણકારી પ્રાપ્ત થઈ હતી કે ત્રીજા વિશ્વના બાળક ચાલુ દિવસે સરેરાશ બે થી ત્રણ કલાક અને બાકીના દિવસોમાં રજાના સમયે ત્રણથી ચાર કલાક ટી.વી. પાછળ ગાળે છે આમ આખા વર્ષ દરમ્યાન બાળક ટી.વી. પાછળ ૧,૨૦૦ કલાક બગાડે છે જ્યારે અભ્યાસ પાછળ ૯૦૦ કલાક જ તે ગાળે છે.

અભ્યાસમાં બાળકોને મંદ પાડતા ટી.વી. ને લાત મારીને ૧૯૮૭માં ધો. ૧૨માં બોર્ડમાં ફર્સ્ટ આવેલા કિશોરે કહેલું : 'મારી સફળતાનું રહસ્ય ટી.વી ના ત્યાગમાં છે'! રોજ ટી.વી. પર આંખો ખોડીને બેસતાં હજારો વિદ્યાર્થીઓ ટી.વી.ના દૃશ્યોની અસર હેઠળ પોતાના લાંબા કલાકો ધુળમાં રગદોળે છે, પોતાની કારકીર્દીને જમીનદોસ્ત કરે છે, તેમનો કિંમતી અભ્યાસનો સમય બગાડે છે. એ વાત તેમના મા-બાપોને કેમ નહીં સમજાતી હોય ?

જ્યારે આપણે ટી.વી. જોઈએ ત્યારે સ્ક્રીન પાછળ રહેલી કેથોડ રે ગનમાંથી પ્રકાશનો ધોધ છૂટે છે. રંગીન ટી.વી.માં તેની તાકાત ૨૫,૦૦૦ કીલોવોટની હોય છે અને બ્લેક એન્ડ વાઇટમાં ૧૮.૦૦૦ કીલોવોટની હોય છે. સ્ક્રીન પરના ફોસ્ફરના બિંદુઓ પર ઈલેકટ્રોનનો ધોધ છૂટે અને તે પ્રકાશના રૂપમાં પ્રેક્ષકોને જોવા મળે છે. ૮૦૦ ફોસ્ફર બિંદુઓની એક એવી ૬૨૫ જેટલી લાઈનો ઉપર એક સેકંડમાં ૨૫ વખત ફેંકાતા પ્રકાશથી બાળકોના શરીર પર થતી અસરની નોંધ લેવી જરૂરી છે. પુરાવાઓ સાથે એમ સાબીત કરવામાં આવ્યું છે કે કુમળું બાળક જેટલું વધારે ટી.વી. જુએ તેટલી ભાષા ગ્રહણ કરવાની તેની શક્તિ ઘટે છે. તેનું મુખ્ય કારણ એ છે કે બાળક ટી.વી. સામે પડી રહે છે અને આસપાસના લોકો સાથે તે ઓછી વાતચીત કરે છે. ત્યાંસુધી કે બાળકો હવે નર્સરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહાઈમ યાદ રાખી શકતા નથી પણ 'કલ મમ્મી ને મુઝે પપ્પી દી, ઔર દો ગ્લાસ રસના' જેવા ન યાદ રાખવાના વાકયો યાદ રાખે છે. આપણે ત્યાં તો એવા મા-બાપ છે જે બાળકો ટી.વી. એડના કાલા કાલા વાકયો બોલે ત્યારે હરખાઈ જાય છે. અને બધાને કહેતા માંડે જુઓ અમારૂ બાળક કેટલું હોંશીયાર છે. ટી.વીમાં આવે તે બધુ તેને યાદ રહી જાય પણ તે માતા-પિતાને ખબર હોતી નથી કે બધુ ન યાદ રાખવાનું કે ન શીખવાનું બાળક શીખે છે. શીખવાનું હોય તે શીખતું નથી.

ઘણીવાર બાળકો ટી.વી. સામે લાંબા, ટૂંકા, વાંકા, અને આડાઅવળા થઈને પડયા રહે છે. સતત આમ પડયા રહેવાથી શારીરિક પ્રશ્નો ઉભા થાય છે બાળકનું વર્તન પણ શિસ્તબધ્ધ રહેતું નથી. બાળક ઘરકુકડીયું બની જાય છે. બહારની રમત-ગમત અને તંદુરસ્ત મનોરંજન તેને આકર્ષતા નથી. જે શાળાઓમાં ટી.વી. કાર્યક્રમ દર્શાવવામાં આવતા નથી ત્યાંના બાળકો રમતગમતમાં આગળ તરી આવે છે એવું પણ અભ્યાસ પરથી સાબીત થયું છે.

['સ્વામીનારાયણ પ્રકાશ']

# ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીની જૈન સ્કોલરની યોજના



ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી એ જૈન ધર્મનો પ્રસાર કરતી અને આંતરાષ્ટ્રિય સ્તરે જૈન ધર્મ વિશે અનેકવિધ પ્રવૃત્તિઓ કરતી અગ્રણી સંસ્થા છે. આ સંસ્થા દ્વારા આજના સમયની જરૂરિયાત અને આવતી પેઢીની આવશ્યકતાને લક્ષમાં રાખીને જૈન સ્કોલર તૈયાર કરવાની વિશિષ્ટ યોજના ઘડવામાં આવી છે. જૈન ધર્મ, સાહિત્ય કે તત્વજ્ઞાન સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ પદવી કે પી.એચ. ડી.ની પદવી મેળવનાર અને અંગ્રેજી ભાષાનું સારું એવું જ્ઞાન ધરાવનાર વ્યકિતએ આમાં અરજી કરવી. આને માટેના યોગ્ય ઉમેદવારને આ સંસ્થા જરૂર પડે તો અંગ્રેજી ભાષાના વિશેષ અભ્યાસની ભારત તેમજ વિદેશમાં વ્યવસ્થા કરી આપસે અને આવી વ્યકિતના ત્રણ વર્ષના જીવનનિર્વાહની તમામ જવાબદારી આ સંસ્થા સંભાળશે. આ વર્ષો દરમિયાન એ વ્યકિતને દેશવિદેશમાં જૈન ધર્મના પ્રસારનું કાર્ય કરવાનું રહેશે. આ અંગે અરજી કરવા ઈચ્છતી વ્યકિતએ પૂરું નામ, સરનામું, અભ્યાસ, સંશોધન વગેરે વિગતો સાથે ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી (કો-ઓર્ડિનેટર : ડો. કુમારપાળ દેસાઈ) ૫૦૧, મહાકાન્ત બિલ્ડીંગ, વી. એસ. હોસ્પિટલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ને અરજી કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માની દેહથી ભિન્નતા

: પ્રવચનકાર :
યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી
: અનુવાદક :
શ્રી કુમારપાળ દેસાઈ

( હપ્તો બીજો )

## દેહથી ભિન્નતા

તમે મારી સામે બેઠા છો. જેવી રીતે હું તમારા આંખ, કાન, નાક વગેરે અવયવોને જોઈ રહ્યો છું, તેવી રીતે હું મારા અવયવોને પણ જોઈ રહ્યો છું. બંનેના અવયવોને જોઈને હું એ જાણું છું કે બીજાનાં આંખ, કાન વગેરે અવયવ મારાં નથી. બીજાના આંખ કાન વગેરે અવયવોને હું મારા નથી માનતો, તે રીતે મારા આ અંગોને પણ મારે પારકા સમજવા જોઈએ. આનો અર્થ એ કે બીજાના અવયવો માટે જેમ મને ભિન્નતાનું જ્ઞાન છે, તેમ પોતાનાં અવયવો અંગે પણ ભિન્નતાનું જ્ઞાન હોવું જોઈએ. પરંતુ તેમ થતું નથી.

આત્મા જે શરીરમાં બેઠો છે તેને અને તેનાં અંગોને પોતાનાં સમજે છે. બીજાનાં અંગોને નહીં. શું શરીર અને ઈંદ્રિયો આ રીતે પોતાના-પરાયાનો ભેદ કરી શકે છે ? નથી કરી શકતી.

આ પ્રકારનું ભેદજ્ઞાન આત્મા જ કરી શકે છે. જડને જડ કહેનાર આત્મા છે, પ્રમાણોથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરનાર પણ આત્મા છે. જુદા જુદા પ્રકારની અભિલાષા કે સંવેદન અનુભવનાર આત્મા જ છે, એટલું જ નહી, પણ જે આત્માનો નિષેધ કે શંકા કરે છે, તે સ્વયં જ આત્મા છે, પરંતુ તેઓ આ તથ્યને સમજતા નથી.

શું પદાર્થોને પોતાનું જ્ઞાન હોય છે ? ભાંગ વાટીને મૂકી હોય, પણ શું ભાંગ એ જાણે છે કે હું નશો માનવીમાં ચડાવી શકું છું ? તે નથી જાણતી. જ્યાં સુધી ભાંગ વાસણમાં રહે છે ત્યાં સુધી પણ તે નશો નથી ચઢાવતી. પરંતુ જીવંત શરીરધારી વ્યક્તિ જ્યારે એને ગળાની નીચે ઉતારે છે ત્યારે તે વ્યક્તિમાં નશો ચઢાવે છે.

એ જ ભાંગ જો મૃત દેહના પેટમાં નાખવામાં આવે કે કોઈ જડ વસ્તુમાં, લોટો, ગ્લાસ કે શીશીમાં નાખવામાં આવે તો એ નશો નથી ચઢાવતી. એવું કેમ થાય છે ? વાસ્તવમાં કોઈ પણ જડ પદાર્થ નશાનો અનુભવ કરી શકતો નથી. ચેતનની સાથે સંયોગ હોય તો જ નશાનો અનુભવ થાય છે.

મૃત શરીરમાં કે લોટો, ગ્લાસ વગેરે જડ પદાર્થોમાં ચેતના હોતી નથી.

આથી સિદ્ધ થાય છે કે નશાનો અનુભવ કરાવનારું કોઈ બીજું જ તત્ત્વ છે. આ ચેતન તત્ત્વને આત્મા કહીએ છીએ. જડ પદાર્થોમાં ચેતનાના અભાવે તેને પોતાનું કે પરનું કોઈ જ્ઞાન હોતું નથી. આ બધા જ્ઞાન આત્માને થાય છે, તેથી આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે, પદાર્થ જ્ઞેય કે દૃશ્ય છે.

અનાદિકાળથી શરીરની સાથે પ્રગાઢ સંબંધને લીધે કે અજ્ઞાનને કારણે આ શરીર જ આત્મા જેવું ભાસે છે, પરંતુ જેમ તલવાર અને મ્યાન બંને જુદા છે, એ રીતે આત્મા અને શરીર ભિન્ન છે.

આંખો આત્માને જોઈ શકતી નથી, પરંતુ આત્મા આંખોને જુએ છે. આંખો કેવળ સ્થૂળ રૂપને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ નિરખી શકે છે, કિંતુ આત્મા તો સ્થુળ–સૂક્ષ્મ વગેરે બધાનું જ્ઞાન ધરાવે છે. ઈંદ્રિયજન્ય જ્ઞાનમાં તો અન્ય કારણોથી અવરોધ ઊભા થાય, પરંતુ આત્માથી પ્રાપ્ત જ્ઞાનમાં કોઈ અવરોધ આવતો નથી. એટલે તે જ્ઞાન કે અનુભવ જ આત્માનું સ્વરૂપ છે.

નિષ્કર્ષ એ કે આત્માને શરીર જાણતું નથી, ઇંદ્રિયો ઓળખતી નથી કે શ્વાસોચ્છ્વાસને એનો પરિચય નથી, બલ્કે આ બધા આત્માના સહયોગથી જ પોતાની પ્રવૃત્તિ કરી શકે છે. જો આત્માનો એમને સહયોગ ન હોય, તો એ જડ જ બની જાય.

જો શરીર જ આત્મા હોત તો દુબળા–પાતળા શરીરવાળાની બુદ્ધિ અત્યંત વિચક્ષણ અને સ્થૂળ શરીરધારીની બુદ્ધિ સ્થૂળ–મંદ દેખાય છે, તેવો વિરોધ જોવા મળેત નહીં. જેનામાં જાણવાની શક્તિ કે સ્વભાવ ન હોય, તે જડ છે. જાણવું જેનો સ્વભાવ છે તે ચેતન છે. આ રીતે જડ અને ચેતન બંનેનો સ્વભાવ તદ્દન ભિન્ન છે અને તે કોઈ દિવસ એક થાય નહીં. જડ ત્રણેય કાળમાં જડ જ રહેશે અને ચેતન ચેતન જ.

## આત્માનું અસ્તિત્વ :

વૈજ્ઞાનિકો કે ભૌતિકવાદીઓ આત્માના અસ્તિત્વને માનતા નથી. એમને કોઈ પૂછે કે રેડિયો આશ્ચર્યજનક છે કે રેડિયોના શોધકો ? આશ્ચર્યસર્જક તો રેડિયોના શોધકો ગણાય. આવાં અદ્ભુત સાધનોનું સંશોધન કરીને હજારો માઈલ દૂર બેઠેલા માનવી સમાચાર કે સંગીત સાંભળી શકે તેવા રેડિયોની શોધ કરી. જો વૈજ્ઞાનિકમાં આ શક્તિ ન હોત, તો એ રેડિયોનું નિર્માણ કઈ રીતે કરી શકે ?

પ્રશ્ન એ થાય કે રેડિયો–નિર્માતાની અંદર એવો કયો વિજ્ઞાનવેત્તા બિરાજમાન છે કે જે રેડિયો જ નહીં, બલ્કે ટેલીવિઝન, ટેલિફોન, એરોપ્લેન, કમ્પ્યૂટર જેવાં એક એકથી ચઢિયાતી આશ્ચર્યજનક અદ્ભુત શોધો કરે છે ? એ શક્તિને સ્વીકાર્યા સિવાય કોઈ આરો કે ઓવારો નથી. રેડિયો નિર્માણ કરનારા વૈજ્ઞાનિકમાં જે પરમ વિજ્ઞાનવેત્તા બેઠો છે, તે શક્તિનું નામ છે આત્મા.

આ પ્રકારનો આત્મા કેવળ રેડિયો નિર્માતામાં જ નહીં, બલ્કે તમામ નાનાં–મોટાં પ્રાણીઓમાં રહેલો છે. ઘડિયાળ જોઈને તમે એના શોધકની પ્રશંસા કરો છો, એ ઘડિયાળના શોધકમાં બેઠેલા મહાન યંત્રશોધકની કરો છો. એ માત્ર ઘડિયાળના શોધકને જ નહીં, બલ્કે તમામ ચૈતન્યશીલ પ્રાણીઓને બુદ્ધિ આપે છે, તેનો વિચાર કરવો જોઈએ. તો આત્મા સિવાય બીજો કોણ હોઈ શકે ?

આ આત્મા સમર્થ શક્તિમાન છે. પોતાની પ્રચંડ શક્તિના પ્રભાવથી તે સમસ્ત વિશ્વની કાયાપલટ કરી શકે છે. આખી દુનિયને ચકિત કરનાર વિજ્ઞાનના મૂળમાં આ આત્મશક્તિ છે. આત્મા ન હોય, તો એકલું વિજ્ઞાન શું કરી શકે ? આ આત્મા પેલા વૈજ્ઞાનિકની શોધ પૂર્વે પણ વિદ્યમાન હતો.

વિજ્ઞાન પોતે જડ છે. તે સ્વયં કશું જ કરી શકતું નથી અને આત્મા શક્તિના સહયોગ બિના એ કશું કરી નહીં શકે.

જો આત્માની શક્તિના સહયોગ વિના કરી શકતા હોત, તો વિદેહ થયેલા વૈજ્ઞાનિકોના મૃતશરીરોના સહયોગથી નવાં નવી શોધો થઈ શકી હોત પરંતુ આવું બનતું નથી, એટલે જ વિજ્ઞાનની ઝાકઝમાળમાં વિજ્ઞાનના પ્રેરક આત્માને ભૂલવો જોઈએ નહીં. આત્મા અને તેની શક્તિઓને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ. એ વૈજ્ઞાનિકોને પૂછવામાં આવે કે તમે જે પદાર્થોને જાણો છો અને કહો છો કે તે છે, પરંતુ એ ઘટ, પટ વગેરેને જાણનાર પર તમને વિશ્વાસ બેસતો નથી, તો તમારા તેવા જ્ઞાનને શું કહી શકાય ?

[ ક્રમશઃ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાના શતાબ્દી વર્ષ નિમિત્તે ખંભાત, કલિકુંડ, કોબા આદિનો યોજાયેલ યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના શતાબ્દી વર્ષ નિમિત્તે બે દિવસના યાત્રા પ્રવાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨-૮-૯૬ ને શુક્રવારનાં રોજ રાત્રે ૧૦-૦૦ કલાકે એક લક્ઝરી બસ દ્વારા સભાના સભ્યો અને શ્રીસંઘના ભાઇ-બહેનો યાત્રાર્થે નીકળી તા. ૩-૮-૯૬ ને શનિવારના રોજ વહેલી સવારે ખંભાત પહોંચ્યા હતા. ત્યાં સેવા-પૂજા-દર્શન-ભક્તિ આદિનો અમૂલ્ય લ્હાવો લઈ કલિકુંડ, વલતેજ, કોબા પહોંચ્યા હતા. અહિં રાત્રિ મુકામ કોબામાં કરી વહેલી સવારે સેવા-પૂજા-દર્શન-ભક્તિ આદિનો અમૂલ્ય લાભ લઇ અમદાવાદ-પાલડી સ્થિત શ્રી જૈન સોસાયટીમાં ચાતુર્માસ બિરાજમાન વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.ને વંદન કરેલ તેમ જ શ્રી જૈન આત્માનંદ સભાના શતાબ્દી વર્ષની ઉજવણી અંગે જરૂરી માર્ગદર્શન મેળવેલ. સભાના હોદ્દેદારશ્રીઓએ પૂજ્યશ્રીને આ સુવસરે ભાવનગર પધારવા આગ્રહભરી વિનંતી કરેલ ત્યારે પૂજ્યશ્રીએ જણાવેલ કે મારી અનુકૂળતા મુજબ હું તમોને લખી જણાવીશ અને શ્રી જૈન આત્માનંદ સભા જે ૧૦૦ માં વર્ષમાં પ્રવેશ કરી જૈન શાસનની અને જૈન સમાજની જે અમૂલ્ય સેવા બજાવી રહ્યું છે તે સંસ્થા જ્ઞાનના આ અમૂલ્ય સત્કાર્યોની સુવાસ વધુને વધુ ફેલાવતું રહે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવેલ.

યાત્રા દરમ્યાન દરેક સભ્યો અને યાત્રિકોની સ્વામીભક્તિ કરવામાં આવેલ. સભ્યો-યાત્રિકો દ્વારા યાત્રા દરમ્યાન ૨૪ સંઘપૂજનો થયા હતા. દરેક યાત્રિકો દ્વારા શ્રી જૈન આત્માનંદ સભાના હોદ્દેદારોના સુંદર આયોજન બદલ આભાર માનવામાં આવેલ.

સમગ્ર યાત્રાના આયોજનમાં સંસ્થાના પ્રમુખશ્રી પ્રમોદકાંતભાઈ, ઉપપ્રમુખશ્રી દિવ્યકાંતભાઈ સલોત, શ્રી કાંતિલાલ રતિલાલ સલોત, શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ, શ્રી ખાંતીભાઈ, શ્રી પ્રતાપભાઈ, શ્રી નાગરભાઇ, શ્રી નટુભાઇ શાહ તથા સભાના સ્ટાફે અદ્વિતીય જહેમત ઉઠાવી હતી.

ફરતી યાત્રાના ડોનરશ્રીઓના શુભ નામ

(૧) શેઠશ્રી રમણીકલાલ જેઠાલાલ ઉમરાળાવાળા

(૨) શેઠશ્રી કાંતિલાલ હેમરાજભાઈ ચાંકાણી-ભાવનગર

(૩) શેઠશ્રી પોપટલાલ રણછોડભાઈ (જયોતિ સોપવાળા)

(૪) શેઠશ્રી શાંતિલાલ લાલચંદ (હાર્ડીજવાળા) ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् विजयानंद सूरि महाराज का दिव्य जीवन

## ❀ महान ज्योतिर्धर ❀

# शांतिसागर के साथ संवाद

गुज. लेखक श्री सुशील
हिन्दी अनु. रंजन परमार

श्री आत्माराम जी महाराज का पंजाब से जब प्रथम बार गुजरात में आगमन हुआ था यह घटना तब की है। वे सच्चे गुरु की खोज में थे। श्री बुट्टेराय जी महाराज अत्यंत भद्र, पवित्र और सरल प्रकृतिस्थ साधुपुरुष थे। अतः स्वाभाविक रूप है आत्माराम जी का मन उन गुरु के रूप अंगीकार करने के लिए प्रेरित हुआ।

किन्तु उसी समय किसी ने उन्हें बताया कि, 'अलबत्ता, श्री बुट्टेराय जी महाराज सभी दृष्टि से योग्य और समर्थ पुरुष है। फिर भी आजकल वे श्री शांतिसागर के घनिष्ट परिचय में है, जब कि शांतिशागर जी मन ही मन स्व-सिद्धान्त बना बैठे है कि तत्कालीन समय में कही भी सच्ची साधुता नहीं रही। उनके स्व-घोषित सिद्धांत की धुँधली छाया श्री बुट्टेराय जी महाराज पर भी बरकरार है। फलस्वरूप जो व्यक्ति स्वयं को ही साधु मानने से इन्कार करता हो उसे आप गुरु-पद पर प्रस्थापित करें, यह कहाँ तक उचित्त है।"

उपरोक्त बात सुन, श्री आत्माराम जी का अंतरात्मा क्षुब्ध, संतप्त हो गया। उन्होंने श्री बुट्टेराय जी महाराज की सेवा में उपस्थित हो, अपनी शंका का निराकरण करने का आग्रह किया।

"भाई आत्माराम! मैं तुम्हारे सदृश पंडित नहीं हूँ। मैंने तुम्हारि तरफ कभी शास्त्राभ्यास नहीं किया और ना ही मुझमें इतनी क्षमता है। ठीक उसी भाँति शांतिसागर के साथ वाद-विवाद अथवा चर्चा कर सकूं, इतनी विद्वता भी मुझमें नहीं है। मैं मानता हूं कि तुम स्वयं प्रकांड पंडित हो... सिद्धांत-शैली के मर्मज्ञ हो। अतः यही इष्ट है कि तुम शांतिसागर के साथ शास्त्रार्थ करो। मैं उसे ध्यानपूर्वक सुनूंगा और तब अपना निश्चय घोषित करूंगा, मेरे वास्तविक मत से सबकों परिचित करूंगा।" प्रत्युत्तर में श्री बुट्टेराय जी महाराज ने निर्दोष-निर्दंभ वाणी में कहा।

आत्माराण जी ने श्री बुट्टेराय जी महाराज

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



का सुझाव सहर्ष स्वीकार किया। तदनुसार ऐसा तय हुआ कि महाराज जो और श्री शांतिसागर परस्पर मिले, निरवालिस दिल चर्चा करे। उस काल में अद्वितीय वाकपटु एवं समर्थ विद्वान के रूप में सर्वत्र श्री शांतिसागर की तूती बजती थी। इधर दोनों के शास्त्रार्थ उपरांत श्री बुट्टेराय जी महाराज एवं अन्य जिज्ञासु बुद्धिजीवियों को अपने-अपने विषय में निर्णय लेने का पूरा स्वातंत्र था।

तदनुसार निर्धारित दिन और समय पर दोनों समर्थ पंडित एक स्थान: 'सेठ दलपतभाई भगुभाईवाडी, अहमदाबाद' मे उपस्थित हुए।

"आप किस आधार पर यह विधान करते हैं कि आज कोई साधु है ही नहीं?"

"स्थानांगादि सूत्र के आधार पर।"

"आपने अन्य किन-किन सूत्रों का अभ्यास किया हैं?"

"सूत्र तो बहुत कम पढे है, हमने।"

"और, यह तो बताइए कि आपने किस गुरु पंडित के पास रहकर अध्ययन-मनन किया है?"

आत्माराम जी के अंतिम प्रश्न का प्रत्युतर देते समय शांतिसागर को मान्य करना पड़ा कि उन्होंने विधिवत् किसी गुरु महाराज के पास अध्ययन अभ्यास नहीं किया है। केवल पंडित जी के साथ बैठ, कतियप सूत्रों के अर्थों की अवधारणा की थी।

'कौन-से पंडित के पास शास्त्राभ्यास किया?" प्रश्न के उत्तर में शांतिसागर ने शास्त्री रामचंद दीनानाथ का नाम बताया।

उक्त शास्त्री जी का जैन सिद्धांत-शास्त्र विषयक ज्ञान कितना परिमित था और शास्त्री जी ने जब स्वर्ग महाराज श्री आत्माराम जी के पास ग्रन्थों के अभ्यास हेतु निवेदन किया था तब स्वर्ग महाराज जी ने क्यों इन्कार किया था अर्थात् उनकी माँग क्यों अस्वीकार की थी...यह अपने आप में एक इतिहास था. जो आत्माराम जी ने कह सुनाया।

किसी भी शास्त्री के पास शास्त्रों में उल्लेखित शब्दों के अर्थ सुन लेने भर से शास्त्रों का रहस्य-भेद समझ में आ गया, यह मानना कोरा भ्रम है। ऐसे ही भ्रम के वशीभूत हो कई लोग गलत राह चढ़ जाते है। परिणामतः प्रसंगोपात ऐसे लोगों को लज्जित हो, निचा देखना पडता है।

जैन शास्त्र अपने आप में कई विशेषताओं का अक्षय भंडार है। फलतः योग्य गुरु के अभाव में उसके यथार्थ आशय अकेलना... वास्तविक अर्थ लगाना सहज नहीं है।

"यदि आप गुरुजनों के पास रहकर इन सब का विनयपूर्वक अध्ययन करते तो आज की स्थिति कभी पैदा नहीं होती और ना ही श्रद्धाभाव में इस तरह की खोट आती। स्थानांगादि सूत्रादि का तत्त्वज्ञान महज अक्षरार्थों से समझ में नहीं आता, बल्कि गुरु महाराज जब सामने बैठकर उसके उत्सर्ग और अपवाद समझाते हैं...सप्तभंगी और नय-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निक्षेपादि, विधि सूत्र, उपदेश सूत्र, भयानक सूत्र, विवरण सूत्र आदि का गहन अध्ययन-मनन करवाते हैं, तब जाकर कोई गीतार्थ होता है अपितु वैतनिक शास्त्री जी के पास अध्ययन करने से कोई गीतार्थ नहीं बन जाता। आत्माराम जी महाराज ने शांतिसागर को अनुलक्षित कर स्पष्ट शब्दो में कहा।

शांतिशागर मौन रह, आत्माराम जी की बात सुनते रहे। उन्होंने अपनी बात इस कदर शांत, निर्दोष और सहज शैली में बताई कि उपस्थिति श्रोतावर्ग भी उक्त संवाद सुन, मंत्रमुग्ध हो गया। जब कि श्री बुट्टेराय जी महाराज के संबंध में तो कुछ कहने जैसा ही न रहा। श्री आत्माराम जी महाराज का शास्त्रीयज्ञान कितना उच्च कोटि का है और श्री जिनेश्वरदेव के शासन संबंध में उनकी कैसी गहरी आस्था हैं इसे अनुभव कर उनकी प्रसन्नता का पारावार न रहा। वे सहसा आनन्द विभोर हो उठे।

प्रस्तुत घटना के बाद शांतिसागर की उग्रता और दुराग्रह में आशातीत कमी आ गई। वह नम्र-विनम्र हो गए। उनके कई भक्त आत्माराम जी की छत्रछाया में आ गए। शांतिसागर के कारण अमदावाद का जैन संघ लगभग विभक्त होने की कगार पर आ गया था। महाराज जी ने अपनी कुशलता एवं अद्भुत प्रतिभा से उसे सदा-सर्वदा के लिए बचा लिया। सर्वत्र शांति का वातावरण छा गया। (क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## श्रीमद् विजयानंद सूरी महाराज का दिव्य जीवन

# —महान ज्योतिर्धर—

गुज. ले. श्री सुशील
हिन्दी अनु. रंजन परमार

## अपकारी पर उपकार

तीर्थाधिराज शत्रुन्जय-पालीताणा में एक यति आत्माराम जी महाराज को गाली-प्रदान करनें का धंधा ले बैठा था। यों तो उक्त यति कीं शारीरिक अवस्था भी दयाजनक ही थी। वात-प्रकोप के कारण वह ठीक से चल नहीं सकता था। आँखों से भी उसे कम दिखाई देता था। स्वभाव-दोष के कारण अहर्निश प्रलाप करता था। मार्ग में घसीटते हुए चलता और महाराज जी के नाम पर गालियों की बौछार करता रहता।

उसके मन मे यह बात घर कर गई थी कि आत्माराम जी ने यहाँ आकर उसका आहार-पानी बंद करा दिया है। उनके कारण ही उसे आहार-पानी मिलना बंद हो गया है।

एक बार श्री आत्माराम जी महाराज अपने शिष्यसमुदाय सह श्री सिद्धाचल की यात्रा कर पुनः लौट रह थे। मार्ग में उन्होने उक्त यति को देखा। उन्हें उसपर तरस आ गया। उन्होंने पास में जाकर उसकी पीठ पर हाथ फेरते हुए गंभीर स्वर में कहा :

"यति जी, आपको भला इस तरह किसने भरमाया है ? गाली-प्रदान और अपशब्द का उच्चारण निहायत निम्न कार्य है। आप जैसे यति को यह शोभा नहीं देता। अगर आहार की तंगी हो, तो निःसंकोच मुझे कहिए। मैं उसका प्रबंध करवा दूंगा। यहाँ श्रावकों की भला कहाँ कमी है ? एक को बुलाओः दस हाजिर होंगे। किन्तु आप अपनी जिहवा पर नियंत्रण रखिये।"

महाराज जी की वाणी सुन, यति जी हर्ष-विह्वल हो, उनके चरणों में झुक गए। पश्चाताप करते हुए उन्होंने अपने अक्षम्य अपराध के लिए क्षमा-याचना की।

इधर आत्माराम जी ने अपने डेरे पर आकर भक्त श्रावकों को यति जी की यथायोग्य सार-सँभाल लेने का उपदेश दिया। फलतः एक समय का कट्टर शत्रु, महाराज जी के प्रेम-प्रभाव से उनका अनुरागी बन गया। शत्रु को प्रेम से जीतने की अद्भुत कला आत्माराम जी महाराज को भली भाँति अवगत थी।

(क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# —वचन के खातिर—

श्री आत्माराम जी महाराज चातुर्मास हेतु भावनगर में विराजमान थे, उस समय की यह बात है।

चातुर्मास पूरा होने के अंतिम दिनों में घोघा के कुल श्रावकों ने महाराज जी की सेवा में उपस्थित होकर उन्हें घोघा पधारने की विनती की। प्रत्युत्तर में उन्होंने अपनी ओर से घोघा आने मे असमर्थता प्रकट की। तब श्रावकवर्ग श्री हर्षविजय जी महाराज के पास गया। उन्होंने उनसे घोघा पधारने का आग्रह किया।

"पूज्य गुरुदेव का आदेश हो तो आने में कोई कठिनाई नहीं है। बस, उनकी आज्ञा होने भर की देर है।" –प्रत्युत्तर में हर्षविजय जी ने कहा।

श्रावकवर्ग तुरन्त आत्माराम जी महाराज के पास पहुँचा। उन्होंने महाराज श्री से विनती की कि, 'यदि आप की आज्ञा हो, तो हर्षविजय जी घोघा पधारनें के लिये तैयार है।"

महाराज जी ने उनकी विनती स्वीकार कर ली। श्री हर्षविजय जी को घोघा जाने की आज्ञा मिल गई।

इधर हर्षविजय जी दुविधा में पड गए। उनकी कल्पना थी कि महाराज जी आज्ञा थोडे ही देने वाले हैं? उन्होंने तो यह बात सिर्फ घोघा के श्रावकवर्ग को संतुष्ट करने भर के लिए कही थी। किंतु यहाँ तो 'सिर मुंडाते ओले गिरे' वाली कहावत चरीतार्थ हो गई। अब क्या किया जाए?"

उन्होंने शीघ्रतिशीघ्र गुरुदेव श्री की सेवा में उपस्थित होकर विनम्र स्वर में कहा: "आपकी चरणसेवा छोड, मेरी कहीं जाने की भावना नहीं है।"

"यदि यही बात थी तो कहने के पूर्व सोच-विचार कर क्यों न कहा? तुम क्या कह रहे हो, उसे पहले तुम्हें ही अच्छी तरह से समझ लेना चाहिए। अब जब कि आश्वासन दे दिया है, तो उसे पूरा करना ही होगा। तुमने घोघा के श्रावकवर्ग को वचन दिया हैं, उसका किसी भी अवस्था में पालन होना ही चाहिए। आगे कभी इस तरह का आश्वासन देने के पूर्व सौ बार सोचकर ही देना। यदि तुम अपने शब्दों की कींमत नहीं समझोगे तो अन्य किसी के पास उसकी फूटी बदाम जितनी भी कीमत नहीं करा पाओगे।"

परीणाम यह हुआ कि श्री हर्षविजय जी को केवल वचन के खातिर भावनगर छोड, घोघा जाना पड़ा। श्री आत्माराम जी महाराज प्रायः अपने शिष्य समुदाय को शास्त्रीय ज्ञान के अतिरिक्त ईस तरह की व्यावहारिक शिक्षा देते रहते थे। (क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# —जैन साधु की स्वतंत्रता—

सुरत में चातुर्मास सम्पन्न कर श्री आत्माराम जी महाराज का बडौदा में आगमन हुआ। कुछ समय तक बडौदा में रुकने के पश्चात् एक दिन उन्होंने व्याख्यान के दौरान घोषणा की कि 'कल हम छाणी की ओर विहार करेंगे।'

किन्तु संयोगवश दूसरे दिन कलकत्ता जैन संघ के एक अग्रगण्य नेता बाबू श्री बद्रीदास जी का बडौदा मे आगमन हुआ। महाराज श्री जी अद्‌भुत वाक्‌पटुता, मेघावी बुद्धि और अगाध शास्त्रीय ज्ञान के संबंध में उन्होंने बहुत-कुछ सुन रखा था। वे स्वयं भद्र स्वभाव के थे। एक तरह से साधु पुरुष थे। उनका इसी भावना से बडौदा आगमन हुआ था कि उन्हें श्री आत्माराम की महाराज जी व्याख्यान वाणी श्रवण करने का अलभ्य लाभ प्राप्त होगा।

विहार का दिन उदित हुआ। बाबू बद्रादास जी ने विनीत भाव से वंदन कर महाराज श्री से निवेदन किया: 'विगत प्रदीर्घ समय से आप श्री के व्याख्यान रूपी सुधारस का पान करने की उत्कट अभिलाषा मन में संजाए हुए हूँ। अतः आज यही पड़ाव कर व्याख्यान सुनाने की कृपा करें।''

महाराज श्री प्रायः अपने निर्णय और निश्चय अडिग रहते थे। विश्व की कोई शक्ति उन्हें अपने निश्चय से विचलित नहीं कर सकती थी। उन्होंने गंभीर स्वरमें कहा: "भद्र! विहार करने का निर्णय पहले ही हो चुका हैं। अब उसमें किसी प्रकार का परिवर्तन नहीं हो सकता।"

बाबू जी के निराशा का पारावार न रहा। वे व्यथित हो उठे। किन्तु व्याख्यान श्रवण किए बिना कलकत्ता लौट जाना उचित नहीं लगा। अतः वे भी छाणी पहुँच गए। यहाँ उन्होंने उनका मननीय व्याख्यान सुना और भावविभोर हो गए। उन्होंने प्रयाण करते समय आत्माराम जी महाराज से कलकत्ता पधारने की प्रार्थना की।

किसी ने बीच में ही हस्तक्षेप करते हुए बाबू बद्रीदास जी से पूछा: "महाराज श्री द्वारा आपकी विनती मान्य न करने के कारण आपको बुरा तो नहीं लगा न?"

संभव है, सामान्य भक्तजन को बुरा लग भी जाए। किंतु मैं तो गुरुदेव की स्वतंत्रता एवं निश्चयात्मकता को निहार, अत्यंत प्रसन्न हुआ हूँ। ऐसे ही दृढ़ मनोबलधारी और धनाढ्य-वर्ग की तनिक भी परवाह न करने वाले मुनि के दर्शन वास्तव में जीवन का एक विरल प्रसंग ही है। हमारी पहुँच अथवा भक्तिभाव से जो मुनि विचलित हो जाते हैं वह भला दूसरा क्या पराक्रम कर सकेंगे? महाराज जी के अपूर्व मनोबल की देख वाकई मुझे अत्यधिक संतोष हुआ है।" (क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## —बम्बई का विरोध—

यदि श्री आत्माराम जी महाराज किसी भी तरह अमेरिका खंड के अंतर्गत चिकागो में आयोजित सर्वधर्म परिषद में उपस्थित रहना मान्य करें तो परिषद के वरिष्ठ अधिकारी एवं अग्रगण्य नेताओं ने उनका भव्य स्वागत करने अथवा उनके योग्य समस्त सानुकूल व्यवस्था करने की पूरी तैयारी दर्शायी थी। यदि वह अमेरिका पधारे तो जैन दर्शन संबंधी सर्वत्र प्रचलित कई भ्रम एवं शंका कुशंकाएं दूर होने की पूरी संभावना थी। इतना ही नहीं बल्कि एक बहुश्रुत, पंडित, स्वतंत्र विचारक की उपस्थिति मात्र से परिषद के पुरस्कर्ताओं का परिश्रम रंग लाए बिना नहीं रहेगा, इसी प्रकार की भावना अमेरिकन अग्रगण्यो ने अपने आमंत्रण में व्यक्त की थी। परंतु महाराज जी स्वयं भारत से बाहर जाने में असमर्थ थे। जैन मुनि के यम-नियम उन्हें समुद्र पार करने की सम्मति प्रदान नहीं कर सकते थे।

फलस्वरूप उन्होंनें अपनें कतिपय संगी-साथियों से राय-परामर्श कर श्री वीरचंद राघवजी गांधी, बार-अेट-लॉ को अमेरिका प्रेषित करनें का निश्चय किया। उनकी जानकारी के लिए महाराज जी ने अथक परिश्रम कर 'चिकागो प्रश्नोत्तर' नामक पुस्तिका तैयार की। तदुपरांत श्री विरचंद गांधी को कुछ समय के लिए अपने पास रख, आवश्यक शास्त्राभ्यास कराया...उन्हें जैन धर्म संबंधी अत्यावश्यक जानकारी और महत्वपूर्ण सूत्रों में निहित शास्त्र सिद्धांतो से अवगत किया। महाराज जी को प्रस्तुत कार्य में जैन असोसिएशन ऑफ इन्डिया के कार्यवाहकों का सक्रिय शहयोग प्राप्त हुआ।

श्री वीरचंद गांधी ने परिषद एवं परिषद के उपरांत अमेरिका के विभिन्न स्थानोंपर सारगर्भित व्याख्यान दे, सर्वत्र जैन धर्म का डंका बजाया। जैन धर्म ओर दर्शन के संबंध में जिन लोगों को अल्प अथवा नगण्य जानकारी थी, उन्होंने उन्हें अपने प्रवचनो के माध्यम से जैन दर्शन के मूल तत्त्व और सिद्धांतो से परिचित किया। जो लोग जैन धर्म को नास्तिक अथवा बौद्धमत की शाखा के रूप में मानते थे, उनका भ्रम दूर किया। अपने मत का प्रतिपादन करते हेतु उन्हें सर्वस्वी नई प्रणाली नया मार्ग अपनाना था और श्री आत्माराम जी महाराज की प्रेरणा तथा अद्भुत मार्गदर्शन के परिणाम स्वरूप श्री श्री गांधी को अपने कार्य में आशातीत सफलता प्राप्त हुई...वे जहाँ भी गए वहाँ विजयश्री उन्हें वरण करती गई।

किंतु उस समय का बम्बई नगर, जो आज अपनी स्वतंत्रता एवं सामाजिक विकास के क्षेत्र के अपने उच्च मापदंड के कारण विश्व में किसी का सानि नहीं रखता, इतना पिछडा हुआ और रुढ़िचुस्त था कि श्री आत्माराम जी महाराज की आंतरिक भावना एवं योजना को समझने में वह निपट निष्फल सिद्ध हुआ। यह तथ्य उक्त जीर्ण पत्रिका से ज्ञात होता है, जो उस समय महाराज जी की प्रवृत्ति का निषेध करनें के लिए छपी थी। महज किसी की टीका-टिप्पणी अथवा आलोचना करनें के लिए नहीं बल्कि आज के जैन समाज के समक्ष एक हकीकत के रूप में उक्त पत्रिका का पुनरुद्धार करना अपना कर्तव्य समझता हूँ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जब पंजाब का पुण्योदय होगा !

पंजाब कीं भूमि में शुद्ध श्वेताम्बर जैन दर्शन के आसपास अश्रद्धा एवं धर्म-परामुखता के बादल अत्र-तत्र बिखरे हुए थे। श्री बुट्टेराय जी महाराज उन बादलों के मध्य प्रभात के कोमल विकस्वर किरणावलि की भाँति दमक रह थे। उन्होंने शुद्ध श्रद्धान का प्रकार-प्रसार करने हैतु अपनी सर्व शक्ति लगा दी थी। किंतु तत्पश्चात् तो संयोगवश उन्हें गुजरातकी ओर विहार करना पडा। परिणामस्वरूप जो होना था सो होकर रहा। बिखरे हुए बादल पुनः एकत्रित हो, जैनत्व का अवरोध करेंगे, जेन दर्शन के लिए मारक सिद्ध होंगे, यह शंका भक्तजनों के मन में दिन दुगुनी रात चौगुनी बलवत्तर होने लगी। पँजाब का श्रावकवर्ग भारी चिंता से बेचैन हो उठा दबे स्वर में वह परस्पर फुसफुसाने लगे और एक-दूसरे बात करने लगे :

"श्री बुट्टेराय जी महाराज के एक बार पंजाब से बाहर जाने भर की देर है। फिर तो हर श्रावक को विविश होकर मुँहपती बांधनी पडेगी और जिनमंदिर के दरवाजे पर ताले लग जाएँगे।"

पंजाब का आम श्रावक सहज ही इसी शंका से आशंकित हो भयभीत था। किंतु श्री बुट्टेराय जी महाराज स्वयं प्रखर आशावादी थे। उनकी दृढ मान्यता थी कि जैन दर्शन में आजतक एक से एक बढकर प्रभावक सिद्ध पुरुष उत्पन्न हुए है और भविष्य में भी अवश्य होंगे। अतः जब भी अवसर मिलता वे पंजाब के उद्विग्न बने श्रावक-समुदाय को समझाते रहते।

"भूल कर भी यह कभी न सोचना कि मेरे गुजरात चले जाने से पंजाब में सर्वत्र अंधकार छा जाएगा और जैन दर्शन रूपी सूर्य को असमय ही ग्रहण लग जाएगा। बल्कि यह सनातन सत्य है कि इस भूमि (पंजाब) का जब पुण्योदय होगा तब यहाँ मुझसे भी अधिक दिग्गज पंडित और परम प्रतापी पुरुष पैदा होंगे।"

श्री बुट्टेराय जी महाराज का आशीर्वाद अल्पावधि पश्चात् ही सफल हुआ। महाराज जी ने जहाँ प्रभात का प्रकाश फैलाया था, उसी भूमि पर श्री आत्माराम जी महाराज ने मध्यान्ह का प्रताप दिखाया उसे पूरी शक्ति से प्रकट किया। फलतः पंजाब के श्रद्धालु श्रावकवृन्द को मन ही मन अनुभव हो गया कि महापुरुषों की वाणी कभी खाली नहीं जाती और प्रायः उसमें गूढ अर्थ-संकेत का समावेश होता है। श्री बुट्टेराय जी महाराज के हाथों हुए बीजारोपण नें समय के साथ श्री आत्माराम जी महाराज के अथक प्रयास से वीराट वृक्ष का रूप धारण किया। पंजाब के पुण्योदय के कारण ही श्री जैन संघ को श्री आत्माराम जी के रूप में एक समर्थ युगवीर क्रांतिद्रष्टा की प्राप्ति हुई। (क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 સાભાર સ્વીકાર 卐

શાસન સમ્રાટ સમુદાયના પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી. મ.સા. મારફત નીચે મુજબના પુસ્તકો શ્રી જૈન આત્માનંદ સભાને ભેટ આપવામાં આવેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

આ ઉત્તમ કોટીના પુસ્તકોની અમો ભૂરિ-ભૂરિ અનુમોદના કરીએ છીએ.

પુસ્તક-૧ રિટ્ઠણેમિચરિઉ ( હરિવંસ પુરાણું ) તૃતીયખંડ, પ્રથમ ભાગ.

પુસ્તક-૧. છન્દોનું શાસન ( હેમચંદ્રાચાર્ય-વિરચિત ) અધ્યાય-૪ થી ૭ પ્રાકૃત-અપભ્રંશ-વિભાગ. અનુ. હરિવલ્લભ ભાયાણી,

પુસ્તક-૧૩. કૃપારસ કોશ : ( મહોપાધ્યાય શ્રી શાંતિચંદ્રગણિ-વિરચિત )

## શ્રદ્ધાનું ફળ

માનવી શ્રદ્ધાના બળે અસંભવિતને સંભવિત બનાવી શકે છે. શ્રદ્ધા એ માનવ માટે મહાન શસ્ત્ર છે, શ્રદ્ધાવાળો માણસ પોતાના પ્રયત્નમાં સદાય સફળતા મેળવે છે.

માનવ વૈભવ સુખ મેળવવા શ્રદ્ધાથી આગળ ડગલાં ભરે તેના કરતાં ધર્મમાર્ગે આગળ વધવા શ્રદ્ધા કેળવે તો જીવનમાં સાચું સુખ મેળવી શકે. ધર્મનું રક્ષણ કરવાથી ધર્મ માનવને પ્રત્યેક સંકટમાંથી બચાવે છે. માટે દરેકે કોઇપણ કાર્ય કરતાં શ્રદ્ધા રાખવી જોઈએ.

# શોકાંજલિ

ભાવનગર નીવાસી શાહ ભોગીલાલ ભાણજીભાઇ (ઉ.વ. ૭૦) મુંબઈ મુકામે તા. ૨૯-૬-૯૬ના રોજ ટુંકી બિમારી બાદ સ્વર્ગવાસી થયા છે.

તેઓશ્રી આ સભાના માજી પ્રમુખશ્રી હીરાલાલ ભાણજીભાઈ શાહના લઘુબંધુ તથા આ સભાની વ્યવસ્થાપક કમિટીના માજી સભ્ય હતા. તેઓશ્રી આ સભાના દરેક કાર્યમાં ખૂબ જ ખંત અને લાગણી ધરાવતા હતા. સદ્‌ગતની વિદાયથી આ સભાને ભારે મોટી ખોટ પડી છે.


તેઓશ્રીના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં સભા ઉંડી સમવેદના પ્રગટ કરે છે અને સદ્‌ગતના આત્માને પરમકૃપાળું પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી સહૃદય પૂર્વક પ્રાર્થના કરે છે.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





## સામ્પ્રદાયિક સંકીર્ણતા....

साम्प्रदायिकसांकीर्यवद्वृथा क्लिश्नातिमानवः
धर्मभेदधियाऽन्योन्यविरोधो मौर्ख्यमुत्कटम् ॥

卐

* સામ્પ્રદાયિક સંકીર્ણતાથી માણસ વ્યર્થ હેરાન થાય છે અને બીજાઓને હેરાન કરે છે. ધર્મભેદની સંકુચિત દૃષ્ટિને લઈ પરસ્પર વિરોધ કરવો કે ઝઘડવું એ મોટી મૂર્ખતા છે.

卐

* A person unnecessarily makes himself and others miserable by his narrow views due to undue partiality towards his own system of religion. To create mutual dissensions by resorting to narrowness of vision in regard to the apparent differences existing in different religious systems is an act of highest folly.

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only